

પ્રજાસત્તાક પર્વની ઉજવણી : કોરોનાના કપરા કાળ બાદ પર્વો - પ્રસંગોની ઉજવણીનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે. પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ શહેરની સરકારી ઈમારતો રોશનીથી ઝળહળી ઉઠી હતી. શહેરીજનો મોડી સાંજે કળકળતી ઠંડીમાં પણ રોશની માણવા પણ નીકળ્યા હતા. કલેક્ટર કચેરી, મહાનગર સેવા સદન અને ઉદ્યોગભવન જેવા સરકારી કચેરીઓના સંકુલો પર રોશનીનો ઝળહળાટ જોવા મળ્યો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**મેમ અમે બધા તો પરત આવી જઈશું પણ એ કહો કોરોના બાદ તમે બધા જ ટીચરો સંખ્યામાં એટલા જ છે કે...?**

# સતત બીજે દિવસે નવ કેસ કોરોનાના નોંધાયા

### પેથાપુરમાં બે કેસ સહિત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ : સે. ૨૬ અને ૩૦ માં બે-બે કેસ ઉપરાંત સે. ૩ માંથી કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ વધુ નવ કેસ કોરોનાના નોંધાયા છે. ગાંધીનગર શહેરમાંથી પાંચ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૪ કેસ મળી આવેલ છે.

કોરોનાના કેસોના ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે આજે શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવર થનાર દર્દીઓની સંખ્યા સમાન રહેવા પામી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૪ કેસમાં ૩ કેસ ગાંધીનગર તાલુકામાં અને એક કેસ માણસામાં નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં પેથાપુર ગામેથી ૨ અને ૧ કેસ કુડાસણથી મળી આવેલ છે. માણસા અર્બનમાંથી પણ એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૯૫૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૪૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૩૩૪૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાંથી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૨૬ માંથી બે અને સે. ૩૦ માંથી બે કેસ મળવા ઉપરાંત સે. ૮ માં પત્રકાર તરીકે ફરજો બજાવતા અને સે. ૩ મા ંરહેતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં જે ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે તેના પરથી લાગે છે કે આગામી એક મહિનામાં કોરોનામુક્ત ગાંધીનગર થઈ જશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ઠંડીનું જોર વધતાં જ જનજીવન પર તેની થોડી અસરો જોવા મળી છે.
- આજે પ્રજાસત્તાક દિનની પરેડમાં કોરોના વેક્સીનેશનનો ટેબ્લો જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.
- જિલ્લામાં આજે કોરોનાના કેસો ઘટવાના ટ્રેન્ડ વચ્ચે શહેર-જિલ્લામાં રિકવર થયેલા દર્દીઓને ડિસ્ચાર્જ અપાયાની સંખ્યા એક સરખી રહી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ધ્વજવંદન સમારોહ દરમ્યાન ૧૨ જેટલા કર્મયોગીઓને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સન્માનિત કરવામાં આવશે.
- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણીની કરાયેલ તૈયારીઓની છેલ્લી સમીક્ષા કરવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લાના પૂર્વ પોલીસવડા અને હાલ આઈ.જી. તરીકે ફરજો બજાવતા અર્ચના શિવહરેને રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત કરવાની જાહેરાત થતાં જ પોલીસમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી હતી.

## મુખ્યમંત્રી ચંદ્રક દ્વારા હોમગાર્ડઝના પાંચ જવાનોને સન્માનિત કરાશે

ગાંધીનગર, તા.૨૫

રાજય સરકાર દ્વારા હોમગાર્ડઝ, બોર્ડરવિંગ હોમગાર્ડઝ, નાગરીક સંરક્ષણ તેમજ ગ્રામરક્ષક દળના જવાનો કે જે માનદ સેવા આપી રહ્યા છે. નાગરીકોની સુરક્ષા અને સલામતી માટે પોલીસના પૂરક બળ તરીકે ફરજ બજાવે છે. આ જવાનોની પ્રશંસનીય સેવાઓ જેવી કે વ્યકિતગત હિંમત, શોર્ય, અને લાંબી વિશિષ્ટ સેવા બદલ પ્રતિ વર્ષ સેવા બદલ ચંદ્રકો માટે પસંદગી કરાઈ છે. મુખ્યમંત્રી ચંદ્રક દ્વારા હોમગાર્ડઝ વિભાગમાં સેકશન લીડર તરીકે ફરજ બજાવતા મહેન્દ્રકુમાર સોમાભાઈ પરમાર, પ્લાટુન સાર્જન્ટ ગાંધીનગર જાલમસિંહ ધુળસિંહ સોલંકી, કંપની કમાન્ડર તરીકે ગાંધીનગર મનોજકુમાર કચરાભાઈ પરમાર, કંપની કવાટર માસ્ટર મનોજકુમાર ધનજીભાઈ ધારવા, અને પ્લાટુન સાર્જન્ટ (મહિલા) રમીલાબેન મનુભાઈ ચૌહાણને સન્માનિત કરવામાં આવશે.



ભારતના પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે નવી દિલ્હીના રાજમાર્ગ પરથી પસાર થનાર રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા મોઢેરાના સૂર્યમંદિરને રજૂ કરતો આબેહૂબ ટેબ્લો રજૂ કરવામાં આવનાર છે. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેબ્લોના તમામ કલાકારોને પોતાના નિવાસસ્થાને આમંત્રણ આપ્યું હતું. પ્રસ્તુત તસ્વીરમાં વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રીઓ સાથે ટેબ્લોમાં ટિપ્પણી નૃત્ય રજૂ કરનાર ગુજરાતી મહિલા કલાકારો,નાયબ માહિતી નિયામક શ્રી પંકજ મોદી અને ટેબ્લો નિર્માણ કરનાર સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈજીંગ પ્રા.લી.ના શ્રી સિધ્ધેશ્વર કાનુગા પણ નજરે પડે છે.

## વિકલાંગ બાળક જન્મતા સ્ત્રીને ૩.૩૯ લાખ ચૂકવવા આદેશ

ગાંધીનગર, તા. ૨૫

નસબંધીનું ઓપરેશન કર્યા પછી સામાન્ય રીતે કપલ વણજોઈતી ગર્ભાવસ્થા અંગે નિશ્ચિત બની જતા હોય છે. જોકે પછી જ્યારે પાછળથી ખબર પડે કે તેમને બાળક રહી ગયું છે તેટલું જ નહીં પરંતુ આ વણજોઈતા ગર્ભનું એબોર્શન કરવાનું પણ ના પાડવામાં આવે અને બાળક ખોડખાપણ સાથે જન્મે ત્યારે માતાપિતાની સ્થિતિ ખૂબ જ કફોડી થતી હોય છે. ગાંધીનગરના કલોલમાં આવો જ એક કેસ સામે આવ્યો છે જેમાં ૫ બાળકોની માતાને નસબંધીનું ઓપરેશન કરાવ્યા બાદ પણ બાળક રહી ગયું હતું અને તંત્ર દ્વારા એબોર્શન ન કરાતા બાળક તો જન્મ્યું પરંતુ તે પણ વિકલાંગતા સાથે જેના સંદર્ભે કોર્ટમાં કેસ થતા કોર્ટે આરોગ્ય વિભાગ અને ડિસ્ટ્રિક્ટ કલેક્ટરને પીડિત મહિલાને રુ. ૩.૩૯ લાખ રુપિયા વ્યાજ સાથે ચૂકવવા આદેશ કર્યો છે.

કોર્ટે ઓથોરિટીને આદેશ કરતા પીડિત મહિલાને વળતર ચૂકવવા અને બાળક જ્યાં સુધી ૧૮ વર્ષનું ન થાય ત્યાં સુધી પ્રતિ મહિને રુ. ૧૫૦૦ તેની સારસંભાળના ખર્ચ પેટે ચૂકવવા આદેશ કર્યો છે.

# રાજયમાં આરોગ્ય કર્મીઓની હડતાળ બિનશરતી પાછી ખેંચાઈ

### નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની સમજાવટને મળી સફળતા : તમામ કર્મીઓ આવતીકાલથી ફરજ પર કાર્યરત થઇ કોરોનાની વેક્સીન આપવાની કામગીરીમાં જોડાઇ જશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયના પંચાયત વિભાગના આરોગ્ય હસ્તકના કર્મીઓએ તેમની અચોક્કસ મુદ્દતની હડતાલ બિન શરતી પાછી ખેંચી છે અને તેઓ આવતીકાલથી ફરજ પર હાજર થઇ જશે અને કોરોનાની વેકસીન આપવાની કામગીરીમાં જોડાઇ જશે તેવી જાહેરાત તેમના પ્રતિનિધિઓએ મીડિયા સમક્ષ આજે કરી છે.

આજે મોડી સાંજે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી ડૉ.જયંતિ રવી, આરોગ્ય કમિશનરશ્રી જયપ્રકાશ શિવહરેની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કર્યા બાદ આ નિર્ણય તેઓએ લીધો છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અગાઉ પંચાયત હસ્તકના આરોગ્ય કર્મીઓ આરોગ્ય અગ્ર સચિવ અને કમિશનરશ્રી સાથે બેઠક બાદ પણ હડતાલ ચાલુ રાખી હતી ત્યારે કર્મચારી સંઘના આગેવાનો દ્વારા આજે બેઠક યોજવા સમય માંગ્યો હતો જેને ધ્યાને લઈને આજે આ બેઠક યોજાઇ હતી. તેમના ઘણા વર્ષો જુના પ્રશ્નોના નિરાકરણ કરવા તેઓએ વિનંતી કરી હતી તેના અનુસંધાનમાં નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રથમ બિન-શરતી હડતાલ પાછી ખેંચવાનું જણાવતાં કર્મચારી મંડળના હોદ્દેદારોએ નાયબ મુખ્યમંત્રીશ્રીની લાગણી ધ્યાને લઈ બિન-શરતી હડતાલ પાછી ખેંચી કોરોનાની વેક્સીન આપવાની તથા અન્ય કામગીરીમાં જોડાઈ જવાની જાહેરાત કરી હતી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ કર્મચારી મંડળનો આભાર માન્યો હતો.




ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે યોજાયેલ કોવિડ વેક્સીનેશન સેશનમાં જાણીતા ઓર્થોપેડિક સર્જન ડૉ. જયદીપ ગઢવી, મહેન્દ્ર ગજ્જર (શ્રધ્ધાદીપ), ડૉ. અસીમ શાહ (રેડિયોલોજી) સહિત ૫૭ જેટલા કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. શહેરમાં અત્યાર સુધીમાં ૪૦૦ થી વધુ વોરિયર્સનું વેકસીનેશન થઈ ગયુ છે. વેકસીનેશન માટે કોવિડશિલ્ડનો બીજો જથ્થો પણ જિલ્લાને પ્રાપ્ત થઈ ગયો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# પહેલીથી ૪ મહાનગરમાંથી કર્ફ્યુ ઊઠાવી લેવાની શક્યતા

અમદાવાદ, તા. ૨૫

એક તરફ ગુજરાત સહિત દેશભરમાં કોરોના વાયરસના કેસ કાબૂમાં આવી રહ્યા છે. ત્યારે છૂટછાટો વધારવાનો નિર્ણય લેવામાં આવી શકે છે તેવી અટકળો લગાવવામાં આવી રહી છે. આવામાં ગુજરાતના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં રાત્રિ કર્ફ્યૂ રાખવામાં આવ્યો છે જેનાથી હવે ૧ ફેબ્રુઆરીથી મોટી છૂટકારો મળશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજયના ગૃહ વિભાગ દ્વારા આ અંગે નજીકના સમયમાં મહત્વનો નિર્ણય લેવામાં આવી શકે છે. બીજી તરફ આ કર્ફ્યૂ હટાવવાનું કારણ ચૂંટણી પ્રચાર હોવાનું અને વેપાર પર અસર પડતી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

૨૧ ફેબ્રુઆરીથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજાશે અને આ પહેલા મહાનગરોમાં પ્રચાર માટે રાત્રે પૂરતો સમય મળી રહે તે માટે સરકાર પર કર્ફ્યૂ ઉઠાવી લેવાનું દબાણ છે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાત્રિ કાર્યક્રમોનું આયોજન સરળ રીતે કરી શકાય તે માટે કર્ફ્યૂ હટાવી લેવાની માગણી કરાઈ હોવાની ચર્ચાઓ થઈ રહી છે. બીજી તરફ ચૂંટણી ટાણે સરકાર કર્ફ્યૂ હટાવી લેશે તો લોકોના રોશનું ભોગ પણ બનવું પડી શકે છે એટલે કે હવે આગામી મહિનાથી કર્ફ્યૂ અંગે શું નિર્ણય લેવો તે અંગે સરકારમાં પણ મહત્વની ચર્ચા વિચારણાઓ શરુ થઈ ગઈ હશે તેમ મનાઈ રહ્યું છે.

નોંધનીય છે કે રાજયના મોટા ૪ શહેરોમાં કર્ફ્યૂને ૩૧ જાન્યુઆરી સુધી યથાવત રાખવામાં આવ્યો છે. કર્ફ્યૂ ઉઠાવી લેવાના બદલે રુપાણી સરકાર ચર્ચા વિચારણા કરીને કર્ફ્યૂની સમયમર્યાદામાં ઘટાડો કરી શકે છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી.

## રાંધેજા ગામમાંથી જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

રાંધેજા ગામે તળાવવાળા વાસ પાસે આવેલ રમેશજી વરવાજી ઠાકોરના ઘરની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ શકુની ઝડપાયા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૫૨૦ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના સ્ટાફ જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે રાંધેજા ગામે જુગાર અંગે બાતમી મળી હતી કે તળાવવાળા વાસ ખાતે રહેતા રમેશજી વરવાજી ઠાકોરના ઘરની બાજુમાં કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા સ્થળ પરથી ૬ જુગારી ઝડપાયા હતા. જેમાં રાંધેજા ગામના પ્રજાપતિ વાસ ખાતે રહેતા ૪૫ વર્ષિય ગોવિંદ બળદેવભાઈ પ્રજાપતિ, કીરીટ ગોપાલભાઈ દંતાણી (રહે.૪૨, દંતાણીવાસ રાંધેજા), રાંધેજા ઠાકોર વાસ ખાતે રહેતા ૨૭ વર્ષિય રણજીતકુમાર ધનાજી ઠાકોર, તળાવવાળો વાસ ખાતે રહેતા ૩૩ વર્ષિય રમેશજી કાંતીજી ઠાકોર, રમેશજી વરવાજી ઠાકોર અને કનુજી બળદેવજી ચાવડા (ઉં.૫૦ અંબાજી વાડી પાસે રાંધેજા) નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા ૧૯૭૦ રૂપીયા મળી આવ્યા હતા.જયારે દાવ પરથી રૂ.૫૫૦ મળી કુલ રૂ.૨૫૨૦ મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## નર્સીંગ કોલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલને પીએચડીની પદવી પ્રાપ્ત થઈ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ રાજેશ રાવલને ‘‘અ સ્ટડી ટુ એસેસ ધ ઓક્યુપેશનલ સ્ટ્રેસ એન્ડ કોપિંગ લેવલ એમોન્ગ મેરિડ વર્કિંગ વુમેન ઈન સિલેક્ટેડ નર્સિંગ કોલેજીસ ઈન ગુજરાત’ સંશોધન વિષય માન્ય રાખીને મહારાજ વિનાયક ગ્લોબલ યુનિવર્સિટી દ્વારા ડૉ. હરિ મોહનના માર્ગદર્શન હેઠળ ડોક્ટર ઓફ ફિલોસોફી (પી.એચ.ડી.)ની પદવી એનાયત કરવામાં આવી છે, તેમની આ સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા કોલેજના તમામ સ્ટાફ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ